રાજ્યમાં ૧૦ લાખે ૧,૩૮૬ નાગરિકોને ચેપ, કુલ ૭૨,૧૨૦ કેસ

# ૩૨ જિલ્લામાં વધુ ૧,૦૫૬ કેસ : સુરતમાં ૮, અમદાવાદમાં ૪ સહિત ૨૦નાં મોત

## સૌરાષ્ટ્રમાં વધુ ચાર, વડોદરામાં બે, મહેસાણા અને તાપીમાં વધુ એક-એકનાં મોત

। ગાંધીનગર ।

ડાંગ સિવાય ૩૨ જિલ્લાઓમાં ૨૪ કલાકમાં વધુ ૧૦૫૬ ચેપગ્રસ્તો મળતા કુલ કેસોની સંખ્યા ૭૨,૧૨૦એ પહોંચી છે. આ જ રફ્તારે સત્તાવારપણે કોવિડ-૧૯ના કેસો વધશે તો ઓગસ્ટ મહિનાના અંતે સત્તાવારપણે કુલ ચેપગ્રસ્તોની સંખ્યા એક લાખની પાર થશે. સુરતમાં વધુ આઠ, અમદાવાદમાં વધુ ચાર સહિત કુલ ૨૦ દર્દીઓના મૃત્યુ થયા છે. આ સાથે જ કોરોનાને કારણે અત્યાર સુધીમાં ૨૬૭૪ નાગરિકોનો જીવ ગયો છે.

આરોગ્ય વિભાગે ૨૪ કલાકમાં ૨૯,૬૦૯ RT-PCR ટેસ્ટ કરતા કુલ ટેસ્ટની સંખ્યા ૧૦,૧૭,૨૩૪એ પહોંચી છે. ૧૪૬માં દિવસે સત્તાવારપણે ૧૦ લાખની વસતીએ ૧૩૮૬ નાગરિકો ચેપગ્રસ્ત થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં સૌરાષ્ટ્રથી વધુ સુરતમાં ૨૩૬ કેસ ઉમેરાયા છે. સૌરાષ્ટ્ર- દક્ષિણ ગુજરાતમાં વરસાદની વચ્ચે કેસો વધી રહ્યા છે. સોમવારે અમરેલીમાં વધુ ૪૬ કેસ મળ્યાનું જાહેર થયુ છે. રાજકોટમાં પણ વધુ ૯૬ કેસ ઉમેરાયા હતા. સુરતમાં વધુ આઠ દર્દીઓ સાથે અત્યાર સુધીમાં ૫૧૫ નાગરિકોના કોરોનાને કારણે મૃત્યુ થયા છે જ્યારે વડોદરામાં વધુ ચાર સાથે કૂલ મૃત્યુઆંક ૧૦૨એ પહોંચ્યો હતો. ૨૪ કલાકમાં વધુ ચાર દર્દીઓ સાથે અમદાવાદમાં કોરોનાને કારણે જીવ ગુમાવનારાઓની સંખ્ય વધીને ૧૬૩૮ થઈ છે. જ્યારે વધુ બે સાથે વડોદરામાં ૧૦૨, અમરેલીમાં ૧૨માં દર્દીએ ભાવનગરમાં ૨૯માં, પોરબંદર ચોથા, રાજકોટમાં ૪૯માં, મહેસાણામાં ૨૪માં અને તાપીમાં બીજા દર્દીનું કોરોનાને કારણે મૃત્યુ થયું હતું. નવા ૧૦૫૬ દર્દીઓ સામે ૧૧૩૮ને ડિસ્ચાર્જ મળતા અત્યાર સુધીમાં ૫૫,૨૭૬ નાગરિકો સાજા થઈ ચૂક્યા છે. છેલ્લી સ્થિતિ મુજબ ૧૪,૧૭૦ એક્ટિવ કેસો પૈકી ૭૬ દર્દીઓને વેન્ટિલેટર ઉપર રાખવામા આવ્યા છે.

શહેરમાં મૃત્યુઆંક ૧,૬૨૭ થયો, વધુ ૧૦૧ ડિસ્ચાર્જ

# અમદાવાદમાં ૧૩૩ નવા કેસ, ૪નાં મોત, કુલ કેસ ૨૭,૩૪૦

। અમદાવાદ ।

શહેરમાં કોરોનાનું સંક્રમણ ઘટ્યું છે. અમદાવાદ શહેરમાં છેલ્લાં ૧૫ દિવસથી દૈનિક ધોરણે ૧૫૦થી ઓછા કેસ નોંધાઈ રહ્યાં છે. શહેરમાં આજે ૧૩૩ નવા કેસ નોંધાયા હતા. કોરોનાની સારવારમાં ચાર દર્દીના મોત નીપજ્યાં હતા. કુલ મૃત્યુઆંક ૧,૬૨૭ થઈ ગયો છે જ્યારે કુલ કેસની સંખ્યા ૨૭,૩૪૦ પહોંચી ગઈ છે. આજે વધુ ૧૦૧ દર્દીઓ કોરોનાને હરાવીને સ્વસ્થ થઈ ઘરે પરત ફર્યા હતા. અત્યાર સુધીમાં ૨૨,૦૫૩ દર્દીઓ ડિસ્ચાર્જ કરાયા છે.૧૦ ઓગસ્ટને સવારે ૧૧ વાગ્યાની સ્થિતિએ, શહેરમાં ૨૬,૪૭૭ કેસ નોંધાયા હતા અને ૩૨૬૫ એક્ટિવ કેસ નોંધાયા છે. શહેરના મધ્ય ઝોનમાં ૩૧૪, ઉત્તર ઝોનમાં ૩૬૨, દક્ષિણ પશ્ચિમ ઝોનમાં ૪૬૯, પશ્ચિમ ઝોનમાં ૫૮૧, ઉત્તર પશ્ચિમ ઝોનમાં ૫૯૬, પૂર્વ ઝોનમાં ૪૫૬ અને દક્ષિણ ઝોનમાં ૪૮૭ એક્ટિવ કેસ નોંધાયા છે. શહેરના બોડકદેવ, ઘાટલોડિયા, ચાંદલોડિયા જેવા પટ્ટામાં કેસ વધી રહ્યાં છે. પૂર્વમાં મણિનગર, ઘોડાસર અને વિરાટનગરની આસપાસ કેસ વધી રહ્યાં છે. ગ્રામ્ય વિસ્તારોમાં સોમવારે વધુ ૧૧ નવા કેસ નોંધાયા હતા. કુલ કેસની સંખ્યા ૧,૪૩૪ થઈ ગઈ છે. અત્યાર સુધીમાં કોરોનાથી ૫૮ દર્દીઓનાં મોત નીપજ્યાં છે.

### શહેરમાં વધુ ૧૭ પોકેટને માઇક્રો કન્ટેનમેન્ટ ઝોનમાં મુકાયાં

મ્યુનિ.એ આજે વધુ ૧૭ પોકેટને માઇક્રો કન્ટેનમેન્ટ ઝોનમાં મૂકી દીધાં હતા જ્યારે ૧૫ પોકેટને માઇક્રો કન્ટેનમેન્ટ ઝોનમાંથી મુક્તિ અપાઇ હતી. શહેરમાં માઇક્રો કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા ૨૫૧થી વધીને ૨૫૩ થઇ ગઇ છે.

કેન્દ્રીય ચૂંટણી પંચ સમક્ષ કોંગ્રેસના સૂચનો

# પેટા ચૂંટણીમાં બૂથોની સંખ્યા ડબલ કરો, બેલેટ પેપરથી મતદાન કરાવો

## મતદાન મથકોની સંખ્યા વધારવાથી ડિસ્ટન્સ જળવાશે

। અમદાવાદ ।

ગુજરાતમાં આઠ વિધાનસભા બેઠકો પર આગામી સમયમાં પેટા ચૂંટણીનો જંગ જામવાનો છે ત્યારે કોરોનાની પરિસ્થિતિને કારણે કેન્દ્રીય ચૂંટણી પંચ સમક્ષ કોંગ્રેસ દ્વારા કેટલાંક સૂચના કરાયા છે, જેમાં જણાવાયું છે કે, સામાન્ય રીતે એક બૂથ પર એક હજારથી ૧૨૦૦ મતદારો હોય છે, જોકે મહામારીના માહોલમાં એક મતદાન મથક પર ૫૦૦ મતદારો જ મત આપી શકે તેવી સવલત ગોઠવી, મતદાન મથકોની સંખ્યા વધારવી જોઈએ. ઈવીએમને બદલે બેલેટ પેપરથી મતદાન કરાવવું જોઈએ.

### પેટા ચૂંટણીઓ પાછી ઠેલાય તો નવાઈ નહીં, ભાજપમાં ઈન્ચાર્જ સાથેની મિટિંગ પણ રદ

ગાંધીનગર : આઠ વિધાનસભાની પેટાચૂંટણીઓની જાહેરાતને લઈને ઈલેક્શન કમિશનમાં ઊંધી ગણતરીઓ શરૂ થઈ ચૂકી છે. ૧૫ સપ્ટેમ્બર પહેલા નવા જનપ્રતિનિધિ જાહેર થવા અનિવાર્ય છે. આ ગણતરીએ ૧૦થી ૧૫ ઓગસ્ટ વચ્ચે તારીખો જાહેર થાય કે કોરોનાને કારણે પેટા ચૂંટણી પાછી ઠેલાય તેવા ગણિત વચ્ચે પ્રદેશ ભાજપે સોમવારે ઈન્ચાર્જ સહિત તમામ ચૂંટણીલક્ષી બેઠકો રદ હતી. આથી, પેટા ચૂંટણી તેના નિર્ધારિત સમય પછી યોજાશે તે આસ્તેઆસ્તે સ્પષ્ટ થઈ રહ્યુ છે. પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટિલે પણ મીડિયા સમક્ષ ''કોરોનાને કારણે ચૂંટણી આગળ પાછળ થાય તો અમે તૈયાર છીએ, કાલે ચૂંટણી થાય તો પણ તૈયાર છીએ'' એવું જણાવ્યું હતું. સોમવારે કમલમ્ ખાતે ચૂંટણી લક્ષી બેઠકોને બદલે માત્ર સંગઠનની બેઠકો ચાલુ રાખતા પેટા ચૂંટણી નિશ્ચિત ટાઈમલાઈનમાં નહીં થાય તેવા સંકેતો મળ્યા છે.

GCCIની ૫ સપ્ટેમ્બરે યોજાનાર ચૂંટણીના પ્રચારનો પ્રારંભ

# GCCIની ચૂંટણી : આત્મનિર્ભર સહિતના મામલે પ્રગતિ પેનલનો મેનિફેસ્ટો જાહેર

## જીઆઈડીસી, એમએસએમઈના પ્રશ્નો ઉકેલવાના ચૂંટણીલક્ષી વચનો

। અમદાવાદ ।

ગુજરાત વેપારી મહામંડળની તા. ૫ સપ્ટેમ્બરે યોજાનારી ચૂંટણી લડી રહેલ પ્રગતિ પેનલે ચૂંટણી પ્રચારનો પ્રારંભ કરવા સાથે ઘોષણાપત્ર જારી કર્યુ છે. ટ્રેડ સેલ, GIDC સાથે જોડાયેલી સમસ્યા, EXIM સેલ, સ્ટાર્ટઅપને પ્રોત્સાહનો, આત્મનિર્ભરના સ્વપ્નને સાકાર કરવા, વગેરે વેપાર- ઉદ્યોગના પ્રશ્નોના કાયમી ઉકેલ લાવીને વેપારીઓ માટે 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ' માટે સરળતા ઊભી કરવા નક્કર આયોજન સહિતના પગલાં લેવાની જાહેરાત કરી છે. ફક્ત નિવેદનો કરીને કે લેખિત રજૂઆત કરીને સંતોષ નહીં માનવા તેમજ વેપારીઓ માટે વાસ્તવમાં કામ કરવાની નેમ સાથે બહાર પાડવામાં આવેલા મેનિફેસ્ટોને પગલે ચેમ્બરના સભ્યોમાં નવી આશા જાગી છે અને નવા હોદ્દેદારો 'કંઈક' કરશે, તેવી અપેક્ષા રખાઈ છે. આશા-અપેક્ષા સંતોષવામાં નવા હોદ્દેદારો, કેટલાં ખરા ઊતરે છે એ તો આવનાર સમય જ કહેશે. વેપાર-ઉદ્યોગને વિદેશોમાં, આંતરરાષ્ટ્રીય બજારમાં પ્રોત્સાહન આપવા EXIM સેલની રચાશે. ચીનમાંથી બહાર જતી વિદેશી કંપનીઓને ગુજરાત- ભારતમાં આકર્ષવા પ્રયાસો કરાશે. આ પેનલના ઉમેદવારોએ કહ્યું કે, કોઈની નિંદા કર્યા વિના પ્રચાર અભિયાનની યોજના બનાવાઈ છે. ચૂંટણીને લીધે GCCIની નિષ્કલંકિત છબી પર કોઈ પ્રશ્નો ઊભા ન થવા જોઈએ. ઈ- વોટિંગનો વિકલ્પ આવકાર્ય છે. વેપારીઓના પ્રશ્નોના ઉકેલ માટે ટ્રેડ સેલની રચના કરાશે. ૫૦ ટકા MSME યુનિટ GIDCમાં કાર્યરત છે અને માળખાગત સુવિધાો, પેનલ્ટી, ચાર્જિસ, વગેરે પ્રશ્નોનો કાયમી ઉકેલ લાવવા નક્કર પ્રયાસો કરાશે. GCCIના સભ્યોના વેપાર- ઉદ્યોગને લગતા મુદ્દાઓ સહિત નીતિવિષયક મુદ્દે કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત કરી શકાય તે હેતુસર નવી દિલ્હી ખાતે GCCI રાષ્ટ્રીય કાર્યાલયની સ્થાપના કરાશે. GPCB, CPCB, NGT, વગેરેને લગતી સમસ્યાઓ નિવારવા પર્યાવરણ સેલની રચના કરાશે.

### GCCI કન્વેન્શન સેન્ટર સ્થપાશે

GCCI દ્વારા એસ.પી. રિંગ રોડ પર શાંતિપુરા ચોકડી નજીક આંતરરાષ્ટ્રીય સ્તરનું GCCI કન્વેન્શન સેન્ટર સ્થપાશે. આ હેતુસર રાજ્ય સરકાર સાથે જમીનની ફાળવણી સહિતની વાતચીત અંતિમ તબક્કામાં છે.

# GTUની ઓનલાઈન ટેસ્ટ માટે વધુ ૭૩૯ સાથે ૨૪,૬૬૨ નોંધાયા

। અમદાવાદ ।

જીટીયુએ ૧૭મી ઓગસ્ટથી ઓફલાઈન પરીક્ષા મોકૂફ કરીને તેના સ્થાને ઓનલાઈન પરીક્ષા ગોઠવી છે. ઓનલાઈન પરીક્ષા આપવા વિદ્યાર્થીઓનો જબરદસ્ત પ્રતિસાદ સાંપડ્યો છે. ગઈકાલે રાત્રે ૧૨ વાગ્યા સુધીમાં વધુ ૭૩૯ વિદ્યાર્થીઓએ ઓનલાઈન માટે સંમતિ આપતા કુલ ૨૪,૬૬૨ વિદ્યાર્થી નોંધાયા છે. ઓનલાઈન ટેસ્ટ માટે સંમતિ આપનાર વિદ્યાર્થીઓની આવતીકાલ તા.૧૧ના રોજ પ્રી-ચેક ટ્રાયલ ટેસ્ટ યોજાશે. જેમાં ફરી કોઈ વિદ્યાર્થીના ફોટા કે આઈડી ચોરી જાય નહીં તે માટે જીટીયુએ વિશેષ વ્યવસ્થા ગોઠવી છે.

જ્યારે ઓફલાઈન માટે ૪,૯૩૧ વિદ્યાર્થી હતા તે વધીને ૫,૫૬૭ થયા છે. ઓનલાઈન કે ઓફલાઈન કોઈ ચોઈસ આપી ન હોય તેવા ૪,૧૫૮ વિદ્યાર્થી હતા તે ઘટીને ૨,૭૮૩ રહ્યાં છે. કોઈ ચોઈસ નહીં આપનાર ૧,૩૭૫ વિદ્યાર્થી પૈકી ૭૩૯એ ઓનલાઈન અને ૬૩૬એ ઓફલાઈન વિકલ્પ પસંદ કર્યો છે. જેથી હવે ૧૭મી ઓગસ્ટે ૨૪,૬૬૨ વિદ્યાર્થીઓની ઓનલાઈન ટેસ્ટ લેવાશે. જ્યારે કોઈ ચોઈસ નહીં આપનાર ૨,૭૮૩ અને ઓફલાઈન વિકલ્પ પસંદ કરનાર ૫,૫૬૭ મળી કુલ ૭,૭૧૪ વિદ્યાર્થીઓની ઓફલાઈન પરીક્ષા સપ્ટેમ્બર માસમાં લેવાશે.

### હવે ૭,૭૧૪ની ઓફલાઇનમાં પરીક્ષા : ઓનલાઇન માટે આજે પ્રી-ચેક ટ્રાયલ ટેસ્ટ


જોઈએ છે

પોલેન્ડ માટે વેલ્ડર જોઈએ છે.

200 થી વધારે સફળ વિઝા

7490025486



GUJARAT METRO RAIL CORPORATION (GMRC) LIMITED

(SPV of Govt. of India and Govt. of Gujarat)
Block No.1, First Floor, Karmayogi Bhavan, Behind Nirman Bhavan, Sector 10/A, Gandhinagar: 382010, Gujarat, India
(CIN): U60200GJ2010SGC059407

આપણી મેટ્રો

TENDER NOTIFICATION No: GMRC/IT/Attendance/2020 Date: 11.08.2020

E-Tenders are invited from reputed and experienced Service Providers for the following tender:

| Tender Name | Tender Fees |
|---|---|
| Face recognition based attendance system | INR 1,000/- |

Interested bidders are requested to visit **https://gmrc.nprocure.com** for eligibility criteria, applying/ downloading the tender document. The last date and time for Bid Submissions of Tender is **15:00 Hrs on 03.09.2020.** Any alterations in Eligibility Criteria cum Qualification Requirements, and terms of the Tender Document, or any amendment to the Tender Document, etc, will be uploaded on **https://gmrc.nprocure.com** and GMRC's Website **www.gujaratmetrorail.com** without any obligation or press notification or other proclamation.

Sd/- Managing Director,
GMRC, Gandhinagar



एम एस टी सी लिमिटेड (भारत सरकार का उपक्रम) MSTC LIMITED (A Govt. of India Enterprise)

કમલાંજલી એપાર્ટમેન્ટ, 2જો માળ, ટ્યૂબ કંપનીની સામે, જુના પાદરા રોડ, અકોટા, વડોદરા - 390 020, ટેલિફોન: (0265) 2310606, 2339672, 2330726

**વેચાણ માટે ઈ-હરાજી**

એમએસટીસી લિમિટેડ વડોદરા દ્વારા ઈન્ડસ ટાવર્સ ગુજરાત (13.8.20ના રોજ), જીએસઈસીએલ વણાકબોરી, પીજીવીસીએલ જામનગર, જીએસઈસીએલ ગાંધીનગર, જીએસઈસીએલ પાણંધ્રો, યુજીવીસીએલ મહેસાણા, પીજીવીસીએલ અમરેલી, પીજીવીસીએલ રાજકોટ, જીએસઈસીએલ ઉતરાણ, પીજીવીસીએલ ભુજ, જીઈટીસીઓ મહેસાણા, જીઈટીસીઓ અંજાર, જીઈટીસીઓ ભરુચ, જીઈટીસીઓ નવસારી, પીજીવીસીએલ જુનાગઢ, યુજીવીસીએલ અમદાવાદ વગેરે વતી ભંગાર સામાનના વેચાણ માટે ઈ-હરાજી કરવામાં આવી રહી છે. ઈ-હરાજીની વિગતો/ પ્રી-બીડ ઈએમડી વગેરેની માહિતી માટે કૃપા કરીને અમારી વેબસાઈટની મુલાકાત લો: www.mstcecommerce.com અને www.mstcindia.co.in



**નિવિદા નં. ૩ સને ૨૦૨૦-૨૧**

કાર્યપાલક ઈજનેરશ્રી, સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર, જી. બનાસકાંઠા, ઉ. ગુજરાત-૩૮૫૫૦૬ (ફોન નં. ૦૨૭૪૮-૨૭૮૨૩૨)ની કચેરી દ્વારા (૧) સ.કૃ.નગર મુકામે એલ.આર.એસ.ખાતે હાઈ પોટેન્શીયલ કાંકરેજ બ્રીડ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસીલીટીની કામગીરી રૂ. ૧,૨૭,૦૮,૧૨૫-૭૨ (૨) કૃષિ સંશોધન કેન્દ્ર, આસેડા ખાતે આર.સી.સી. કમ્પાઉન્ડ વોલની કામગીરી રૂ. ૯૩,૪૧,૪૨૩-૨૪ (૩) સ.કૃ.નગર મુકામે એલ.આર.એસ. ખાતે પેલેટ ફીડ મીલના બાંધકામની કામગીરી રૂ. ૮૪,૧૯,૧૮૨-૭૧ (૪) લાડોલ મુકામે યુ.સી.આર. પ્રોટેક્શન વોલની કામગીરી રૂ. ૬૦,૭૪,૭૦૧-૦૦ (૫) સ.કૃ.નગર મુકામે બાગાયત વિભાગ ખાતે ૨૦૦ એમ.એમ.ડાયા ટ્યુબવેલની કામગીરી રૂ. ૯,૬૭,૨૩૭-૫૬ (૬) સ.કૃ.નગર મુકામે આર.ઈ. એન્ડ ઈ.ઈ. કોલેજ ખાતે ૨૫૦ એમ.એમ.ડાયા ટ્યુબવેલની કામગીરી રૂ. ૬,૧૬,૯૮૯-૬૫ (૭) અમીરગઢ મુકામે આર.સી.સી. ઓપનવેલની કામગીરી રૂ. ૪,૬૨,૭૫૦-૯૧ (૮) સ.કૃ.નગર મુકામે ક્રોપ ઈમ્પ્રુવમેન્ટ વિભાગ ખાતે બાર્બડ વાયર ફેન્સીંગની કામગીરી રૂ. ૩,૧૨,૦૫૦-૦૦ માટે ટકાવારીના ધોરણે ઓનલાઈન (ઈ ટેન્ડરીંગ) થી નિયત લાયકાત ઈજારદારો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. ટેન્ડરની વિગતવાર નિવિદા સ.દાં.કૃ.યુ. ની વેબ સાઈટ www.sdau.edu.in/tender ઉપર જોઈ શકાશે તથા www.nprocure.com પરથી ટેન્ડરની તમામ માહિતી ડાઉનલોડ કરી શકાશે. ઉક્ત કામો માટે તા. ૨૭-૦૮-૨૦૨૦ના ૧૫.૦૦ કલાક સુધી ભાવો સબમીટ કરવાના રહેશે. જી.એસ.ટી. નંબરની વિગત સિવાયની ઓફર માન્ય રહેશે નહી. અન્યથા ઓફર રદબાતલ ઠરશે. ઓફર માન્ય રાખવી કે રદ કરવાના અધિકાર નીચે સહી કરનારને અબાધિત રહેશે. ગ્રાન્ટની ઉપલબ્ધતા પ્રમાણે કામગીરી કરવામાં આવશે. ટેન્ડરને લગતા સુધારા વધારા ફક્ત ઓનલાઈન વેબસાઈટ પર જોઈ શકાશે.

નં.નામાનિ/પાલન/૨૦૭/૨૦૨૦-૨૦૨૧

નાયબ ઈજનેર


### મહેસાણાની મહિલાને કેનેડા પતિ પાસે મોકલવા HCનો આદેશ

। અમદાવાદ ।

રાજસ્થાનના વતની અને કેનેડાના પીઆર ધરાવતા પતિએ તેની પત્નીને પરત મેળવવા માટે ગુજરાત હાઈકોર્ટમાં હેબિયસ કોર્પસની અરજી કરી હતી. હાઈકોર્ટે ચુકાદો આપ્યો છે કે, મહિલાને તેના પતિ પાસે કેનેડા જવા દેવામાં આવે. મહિલાએ હાઈકોર્ટમાં રજૂઆત કરી હતી કે, તેણી નારી ગૃહમાં નહીં પરંતુ, રાજસ્થાનમાં સ્થિત તેના પતિ પાસે જવા માગે છે. જેથી, હાઈકોર્ટે આદેશ કર્યો છે કે, ગુજરાત પોલીસ આ મહિલાને રાજસ્થાન સરહદ સુધી મૂકી આવે અને રાજસ્થાન પોલીસ સાથે સંકલન સાધીને તેમને આ મહિલા સુપરત કરે. હાઈકોર્ટના આદેશ બાદ, હાલ આ મહિલા રાજસ્થાનમાં સ્થિત તેના પતિના નિવાસસ્થાને છે. હવે, આ દંપતીને જ્યારે કેનેડા જવા માટેની ટિકિટ મળશે, ત્યારે તેઓ કેનેડા જતા રહેશે. કેસની વિગત જોઈએ તો, અરજદાર પતિ રાજસ્થાનનો છે અને મહિલા ગુજરાતના મહેસાણાની છે. સારી નોકરી ધરાવતા અને નાણાકીય રીતે સધ્ધર એવા આ બંનેએ ૨૬.૧૨.૨૦૧૭માં લગ્ન કર્યા હતા. આ પછી, કેનેડા જતા રહ્યા હતા. આ પછી, મે-૨૦૨૦માં આ મહિલા તેના માતા-પિતાને મળવા કેનેડાથી ગુજરાત આવી હતી. જો કે, ત્યાર બાદ માતા-પિતા અને પરિવારજનોએ તેણીને કેનેડા પરત જવા દીધી નહીં અને મહેસાણામાં જ રોકી રાખી.


बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

મુખ્ય કાર્યાલયઃ બરોડા હાઉસ, પીબી નં.506, માંડવી, બરોડા - 390006
કોર્પોરેટ કાર્યાલયઃ સી-26, જી-બ્લોક, બાંદરા કુર્લા કોમ્પ્લેક્સ, બાંદરા (પૂર્વ), મુંબઈ - 400 051

નાણાંકીય પરિણામ Q1 - FY: 2020-21

ઉપલબ્ધ સેવાઓઃ હોમ લોન | કાર લોન | Baroda etrade 3-in-1 Bank, Demat & Trading Account | Baroda Wealth Management Services | BARODA M-CONNECT plus મોબાઈલ બેન્કિંગ એપ | BARODA CONNECT ઈંટરનેટ બેન્કિંગ

**30 જૂન, 2020ના રોજ પૂરા થયેલ ત્રિમાસીક સ્ટેન્ડઅલોન નાણાંકીય પરિણામો**

(₹ લાખમાં)

| ક્ર. નં. | વિગતો | પૂરા થયેલ ત્રણ માસ 30.06.2020 સમીક્ષા કરેલ | પૂરા થયેલ વર્ષ 31.03.2020 ઑડિટ કરાએલ | પૂરા થયેલ ત્રણ માસ 30.06.2019 સમીક્ષા કરેલ |
|---|---|---|---|---|
| 1. | કામગીરીમાંથી કુલ આવક | 20312,44 | 86300,98 | 20860,90 |
| 2. | ચોખ્ખો નફો/(નુકસાન) આ સમયગાળા માટે (કરવેરા, અપવાદરૂપ અને/અથવા અસાધારણ વિગતો પહેલાંનો) | (1307,76) | (1802,11) | 991,35 |
| 3. | કરવેરા પહેલાંનો ચોખ્ખો નફો/(નુકસાન) આ સમયગાળા માટે (અપવાદરૂપ અને/અથવા અસાધારણ વિગતો પછીનો) | (1307,76) | (1802,11) | 991,35 |
| 4. | કરવેરા પછીનો ચોખ્ખો નફો/(નુકસાન) આ સમયગાળા માટે (અપવાદરૂપ અને/અથવા અસાધારણ વિગતો પછીનો) | (864,26) | 546,18 | 709,87 |
| 5. | કુલ વ્યાપક આવક આ સમયગાળા માટે [જેમાં સામેલ છે આ સમયગાળા માટે નફો/(નુકસાન) (કરવેરા પછી) અને અન્ય વ્યાપક આવક (કરવેરા પછી)] | સંદર્ભ : નોંધ 2 | સંદર્ભ : નોંધ 2 | સંદર્ભ : નોંધ 2 |
| 6. | ઈક્વિટી શેર મૂડી | 925,37 | 925,37 | 770,61 |
| 7. | રિઝર્વ્સ (રિવેલ્યૂએશન રિઝર્વને બાદ કરતાં), પાછલા વર્ષની તપાસાયેલ બેલેન્સ શીટમાં દર્શાવેલ અનુસાર | - | 64851,33 | - |
| 8. | શેર દીઠ આવક (પ્રત્યેક ₹2) (ચાલુ અને બંધ થયેલ પરિચાલન માટે) – બેઝિક અને ડાયલ્યુટેડ (₹માં) | (1.87) | 1.36 | 2.04 |

**30 જૂન, 2020ના રોજ પૂરા થયેલ ત્રિમાસીક કોન્સોલિડેટેડ નાણાંકીય પરિણામો**

(₹ લાખમાં)

| ક્ર. નં. | વિગતો | પૂરા થયેલ ત્રણ માસ 30.06.2020 સમીક્ષા કરેલ | પૂરા થયેલ વર્ષ 31.03.2020 ઑડિટ કરાએલ | પૂરા થયેલ ત્રણ માસ 30.06.2019 સમીક્ષા કરેલ |
|---|---|---|---|---|
| 1. | કામગીરીમાંથી કુલ આવક | 21684,71 | 91086,03 | 22056,95 |
| 2. | ચોખ્ખો નફો/(નુકસાન) આ સમયગાળા માટે (કરવેરા, અપવાદરૂપ અને/અથવા અસાધારણ વિગતો પહેલાંનો) | (1044,86) | (1233,91) | 1177,12 |
| 3. | કરવેરા પહેલાંનો ચોખ્ખો નફો/(નુકસાન) આ સમયગાળા માટે (અપવાદરૂપ અને/અથવા અસાધારણ વિગતો પછીનો) | (1044,86) | (1233,91) | 1177,12 |
| 4. | કરવેરા પછીનો ચોખ્ખો નફો/(નુકસાન) આ સમયગાળા માટે (અપવાદરૂપ અને/અથવા અસાધારણ વિગતો પછીનો) | (678,71) | 927,75 | 833,96 |
| 5. | કુલ વ્યાપક આવક આ સમયગાળા માટે [જેમાં સામેલ છે આ સમયગાળા માટે નફો/(નુકસાન) (કરવેરા પછી) અને અન્ય વ્યાપક આવક (કરવેરા પછી)] | સંદર્ભ : નોંધ 2 | સંદર્ભ : નોંધ 2 | સંદર્ભ : નોંધ 2 |
| 6. | ઈક્વિટી શેર મૂડી | 925,37 | 925,37 | 770,61 |
| 7. | રિઝર્વ્સ (રિવેલ્યૂએશન રિઝર્વને બાદ કરતાં), પાછલા વર્ષની તપાસાયેલ બેલેન્સ શીટમાં દર્શાવેલ અનુસાર | - | 69059,61 | - |
| 8. | શેર દીઠ આવક (પ્રત્યેક ₹2) (ચાલુ અને બંધ થયેલ પરિચાલન માટે) – બેઝિક અને ડાયલ્યુટેડ (₹માં) | (1.47) | 2.32 | 2.39 |

નોંધઃ
1) ઉપરોક્ત, સેબી (લિસ્ટીંગ ઑબ્લિગેશન્સ ઍન્ડ ડિસ્ક્લૉઝર રિક્વાયરમેન્ટ્સ) વિનિયમન, 2015 ના વિનિયમન 33 હેઠળ સ્ટૉક એક્સચેંજમાં દાખલ કરેલા ત્રિમાસિક નાણાંકીય પરિણામોના વિગતવાર ફોર્મેટનો સંક્ષિપ્ત ભાગ છે. વિગતવાર ત્રિમાસિક/વાર્ષિક નાણાંકીય પરિણામો સ્ટૉક એક્સચેંજની વેબસાઈટ **www.bseindia.com**, **www.nseindia.com** અને બેંકની વેબસાઈટ **www.bankofbaroda.in** પર ઉપલબ્ધ છે.
2) કુલ વ્યાપક આવક અને અન્ય વ્યાપક આવકને લગતી જાણકારી આપવામાં આવી નથી કારણ કે હજી સુધી આઈએનડી એએસ બેંકને લાગુ કરાવવામાં આવેલ નથી.

સ્થળ : મુંબઈ
તારીખ : 10.08.2020

વિક્રમાદિત્ય સિંહ ખીચી, એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર | શાંતિ લાલ જૈન, એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર | મુરલી રામસ્વામી, એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર | સંજીવ ચઢ્ઢા, મેનેજિંગ ડાયરેક્ટર અને સીઈઓ